# સમય સંદેશ

સમય તમારો, સંદેશ અમારો...

■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું સવારનું દૈનિક અખબાર

વર્ષઃ ૮ ● અંકઃ ૩૪૭ ● તારીખઃ ૨૪.૧૦.૨૦૨૩, મંગળવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૪.૦૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060



સમય સંદેશ

જાહેરાત, પ્રેસનોટ, ટ્યૂકડી જાહેરાત, મરણ નોંધ તેમજ જન્મદિવસની શુભકામના આપવા માટે

સમય સંદેશ કાર્યાલય

આકાશ ગંગા એપાર્ટમેન્ટ, ભંગાર બજાર રોડ, જામનગર.

મો.૮૮૬૬૦૬૬૦૬૦

ઉપરાંત..

અમારા માન્ય ડિસ્ટ્રીબ્યુટરનો પણ સંપર્ક કરી શકો છો..

આશાપુરા ન્યૂઝ એજન્સી

કે.પી. જાડેજા હવાઈચોક, જામનગર

મો.૯૩૨૮૧૦૪૧૮૨


## આજનો સુવિચાર

બીજાનું કહેવું માને જ નહિ એ આપણી મરજીની વાત છે, પણ કોઈ નું માન જાળવવું એ તો આપણા સંસ્કાર ની વાત છે!



જામનગરમાં મહેર યુવા ગ્રુપ દ્વારા ઉજવાઈ ભવ્ય ગૉલ્ડન નવરાત્રિ

વાંચો પાના નં. 02



જામનગરનું ગૌરવઃ ડૅન્ટલ કૉલેજને મળ્યું આરોગ્ય ક્ષેત્રનું સર્વોત્તમ એનએબીએચ પ્રમાણપત્ર

વાંચો પાના નં. 03



આજે વિજયા દશમી... જામનગરમાં સિંધી સમાજ દ્વારા રાવણ દહન !

વાંચો પાના નં. 04

## ગુજરાત ભાજપ દિવાળી પહેલા બે મહામંત્રી અને પ્રદેશ મંત્રીના નામ થઈ શકે છે જાહેર

### લોકસભાની ચૂંટણી પહેલા ભાજપમાં મોટા ફેરફારના એંધાણ

દેશના પાંચ રાજ્યોમાં આવતા મહિને વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. જે બાદ આવતા વર્ષે લોકસભાની ચૂંટણી યોજવાની છે. લોકસભા ૨૦૨૪ની ચૂંટણીને લઈને તમામ રાજકીય પક્ષોએ અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ચૂંટણીની તૈયારી પહેલા ભાજપમાં મેરેથોન બેઠક ચાલી રહી છે. સૂત્રોનું માનીએ તો પાર્ટીની અંદર ઘણા મોટા ફેરફારો જોવા મળી શકે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠનમાં ખાલી પદો ઝડપથી ભરાય તેવી સંભાવનાઓ છે.

દિવાળી પહેલા પ્રદેશ સંગઠનના બે મહામંત્રી અને પ્રદેશ મંત્રીના ખાલી પદો પર નિમણૂંક કરાય તેવી શકયતાઓ છે. આપને જણાવી દઈએ તકે, ભારતીય જનતા પાર્ટીની પ્રદેશની બોડીની અંદર બે મહામંત્રીઓ ભાર્ગવ ભટ્ટ અને પ્રદીપસિંહ વાઘેલાના રાજીનામા બાદ આ પદ પર હજુ સુધી કોઈની નિમણૂંક કરવામાં નથી. જ્યારે પ્રદેશ ભાજપના મંત્રી પદેથી પંકજ ચૌધરીએ રાજીનામુ હતું. જેથી પ્રદેશ ભાજપ મંત્રીનું પદ પણ ખાલી છે. એવું કહેવામાં આવી રહ્યું છે ભાજપ હાઈકમાન્ડ ટૂંક સમયમાં એટલે કે દિવાળી પહેલા જ ખાલી પદો પર નિમણૂંક કરી શકે છે.

થોડા સમય પહેલા જ પંકજ ચૌધરીએ પ્રદેશ ભાજપના મંત્રી પદેથી રાજીનામું આપ્યું હતું. પંકજ ચૌધરી ગુજરાત ભાજપના મંત્રી હતા, તેઓએ પોતાના મંત્રી પદેથી રાજીનામું આપી દીધું હતું. પંકજ ચૌધરીએ રાજીનામું આપ્યું કે તેમનું રાજીનામુ લેવાયું તે અંગે પણ અનેક ચર્ચાઓ વહેતી થઈ હતી. એ સમયે ભારતીય જનતા પાર્ટીના સૂત્રોમાં મતમતાંતર જોવા મળી રહ્યા હતા. કોઈ કહી રહ્યું હતું કે તેમનું રાજીનામું લેવામાં આવ્યું છે, તો કોઈ કહી રહ્યું હતું કે તેમણે એક મહિના પહેલા જ રાજીનામું આપી દીધું હતું.

નોંધનીય છે કે, ગત ઓગસ્ટ મહિનામાં ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલાએ પણ રાજીનામું આપી દીધું હતું. પ્રદેશ મહામંત્રી પદેથી પ્રદીપસિંહના અચાનક રાજીનામા બાદ ગુજરાતના રાજકારણમાં ખળભળાટ મચી ગયો હતો. પ્રદીપસિંહના રાજીનામા બાદ રજની પટેલે મીડિયા સાથે વાતચીત કરતા

અનુ પાના નં.૨ પર

## એક દેશ એક ચૂંટણીના અમલ માટે ચૂંટણી પંચે એક વર્ષથી વધુનો સમય માગ્યો

### કાયદા પંચની તૈયારીઓ ચાલી રહી છેઃ ભારતીય ચૂંટણી પંચે પર્યાપ્ત ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન બનાવવા જેવા અનેક કારણો

એક દેશ એક ચૂંટણી અંગે કાયદા પંચની તૈયારીઓ ચાલી રહી છે. દરમિયાન એવા અહેવાલ છે કે ભારતીય ચૂંટણી પંચ (ઈસીઆઈ) એ નવી વ્યવસ્થા લાગુ કરવા માટે એક વર્ષથી વધુનો સમય માગ્યો છે. પંચે પર્યાપ્ત ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ) બનાવવા જેવા અનેક કારણો આપ્યા છે. હાલ કાયદા પંચનો રિપોર્ટ તૈયાર થવાની અણીએ છે.

૨૦૨૪ અને ૨૦૨૯માં એકસાથે ચૂંટણી યોજવા માટે મશીનોની જરૂરિયાત અંગે કાયદા પંચ અગાઉ માહિતી શેર કરી ચૂક્યું છે. એક વોટિંગ મશીનમાં ત્રણ ભાગ હોય છે જેમાં કન્ટ્રોલ યુનિટ, બેલેટ યુનિટ અને વીવીપેટ સામેલ હોય છે. ૨૦૨૪ માટે ૧૧.૪૯ લાખ વધારાના કન્ટ્રોલ યુનિટ, ૧૫.૯૭ લાખ બેલેટ યુનિટ્સ અને ૧૨.૩૭ લાખ વીવીપેટની જરૂર પડશે. તેની પાછળ ૫૨૦૦ કરોડનો ખર્ચો થઈ શકે છે. માહિતી અનુસાર ચૂંટણીપંચને ૫૩.૭૬ લાખ બેલેટ યુનિટ્સ, ૩૮.૬૭ લાખ કન્ટ્રોલ યુનિટ્સ અને ૪૧.૬૫ લાખ વીવીપેટની જરૂર ૨૦૨૯ની ચૂંટણીમાં પડશે. તેનું મોટું કારણ પોલિંગ સ્ટેશન અને મતદારોની વધતી સંખ્યા છે. એક અહેવાલ અનુસાર ચૂંટણીપંચ વૈશ્વિક સ્તરે સેમીકંડક્ટર અને ચિપની અછત અંગે ચિંતિત છે. કહેવાય છે કે કાયદા પંચ સાથેની બેઠકમાં પણ ચૂંટણીપંચે મુદ્દો ઊઠાવ્યો હતો.

અનુ પાના નં.૨ પર

## મિડલ ઈસ્ટ આઉટ ઓફ કન્ટ્રોલ થઈ જશે, ઈરાનની ઈઝરાયેલની ચેતવણી

આ દરમિયાન ઈરાને ઈઝરાયલને ચેતવણી આપી છે કે તે ગાઝા પર હુમલા બંધ કરી દે નહીંતર એટલી હદે હિંસા ભડકશે કે મિડલ ઈસ્ટ આઉટ ઓફ કન્ટ્રોલ થઈ જશે.

માહિતી અનુસાર ઈઝરાયલે હવે ગ્રાઉન્ડ ઓપરેશનની પણ તૈયારી કરી રાખી છે. ગાઝાની સરહદે તેની સેના એકજૂટ છે. વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ પણ જનરલો અને યુદ્ધ કેબિનેટની બેઠક કરશે. ઈઝરાયલી સૈન્યએ ૨૪ કલાકમાં પેલેસ્ટાઈનના લગભગ ૩૨૦ ઠેકાણે હુમલા કર્યા હતા. ઈરાને પણ ધમકી આપી છે કે ઈઝરાયલે જો ગાઝા પર હુમલા બંધ નહીં કર્યા તો મધ્યપૂર્વ આઉટ ઓફ કન્ટ્રોલ થઈ જશે. ઈરાનના રાજદ્વારી હોસેન અમીર અબ્દુલ્લાહિયાને કહ્યું કે અમેરિકા અને ઈઝરાયલે ગાઝામાં તાત્કાલિક ધોરણે નરસંહાર અટકાવવો જોઈએ નહીંતર આ ક્ષેત્ર નિયંત્રણ બહાર થઈ જશે.

## પ્રધાનમંત્રીએ જોર્ડનનાં કિંગ સાથે વાત કરી



ઈઝરાયલ-હમાસની વચ્ચે ૭ ઑક્ટોબરથી યુદ્ધ ચાલી રહ્યું છે. આ વચ્ચે સોમવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જોર્ડનનાં કિંગ અબ્દુલ્લા દ્વિતીય સાથે ફોન પર વાતચીત કરી હતી. મોદીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને માહિતી આપી. પ્રધાન મંત્રી મોદીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું કે કિંગ અબ્દુસલ્લા ૨ સાથે

અનુ પાના નં.૨ પર

## કર્ણાટકની કોંગ્રેસ સરકારે શાળાઓમાં હિજાબ પહેરીને આવવાની છૂટ આપી



સમાચાર એજન્સીના અહેવાલો મુજબ સી એમ સીદ્ધારમૈયાએ કહ્યું કે, કર્ણાટકમાં સ્કુલ અને કોલેજો ઉપરાંત તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પણ મહિલા વિદ્યાર્થીનીઓને હિજાબ પહેરીને પરીક્ષા આપવાની મંજૂરી અપાઈ છે. અગાઉ કેન્દ્ર સરકારે હિજાબ પહેરીને નીટ પરીક્ષા આપવાની મંજૂરી આપી હતી, તેથી કોંગ્રેસ સરકારનો નિર્ણય યોગ્ય છે. હિન્દુ સંગઠનોએ આ નિર્ણય વિરુદ્ધ દેખાવો કરવાની જાહેરાત કરી છે. ગયા વર્ષે જાન્યુઆરીમાં ઉડુપી જિલ્લાની એક સરકારી હાઈસ્કુલમાં હિજાબ પહેરીને આવેલી ક મુસ્લિમ વિદ્યાર્થીનીઓને સ્કુલમાં પ્રવેશતા અટકાવાઈ હતી.

### મુસ્લિમ વિદ્યાર્થીનીઓ માટે લેવાયો નિર્ણયઃ મુખ્ય મંત્રીની અધ્યક્ષતામાં હિજાબ અંગે નિર્ણય લેવાયો

## બાંગ્લાદેશમાં બે ટ્રેનો વચ્ચે ભયાનક ટક્કર, ૧૫થી વધુ મોત

### પેસેન્જર ટ્રેન માલગાડી સાથે ટકરાઈઃ અનેક યાત્રિકો દટાયા, મોતનો આંકડો વધી શકે



બાંગ્લાદેશના કિશોરગંજમાં સોમવારે પેસેન્જર ટ્રેન અને માલગાડી વચ્ચે ભયાનક ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં ૧૫ મુસાફરોના મોત થયા હતા અને ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા હોવાનું કહેવાય છે. રાજધાની ઢાકાથી લગભગ ૮૦ કિમી દૂર ભૈરબ વિસ્તારમાં આ અકસ્માત થયો છે. સ્થાનિક મીડિયાએ ઘટના સ્થળે હાજર લોકોને ટાંકીને જણાવ્યું હતું કે અકસ્માત ખૂબ ભયાનક હતો, ટ્રેનો અથડાવાનો જોરદાર અવાજ સંભળાયો હતો. હજુ પણ કેટલાક લોકો ટ્રેનની નીચે ફસાયેલા છે. આ લોકો ક્ષતિગ્રસ્ત કોચની નીચે દટાયેલા છે. જો કે ફાયર સર્વિસના જવાનો ઘટના સ્થળે પહોંચી ગયા છે અને બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ઢાકા રેલ્વેના પોલીસ અધિક્ષક અનવર હુસૈને જણાવ્યું

અનુ પાના નં.૨ પર

## બનાસકાંઠામાં નિર્માણાધિન બ્રિજના સ્લેબ ભૂમ્મ

### નીચે રીક્ષા દટાયાની આશંકા, ઘટનાસ્થળે ઉચ્ચ અધિકારીઓનો કાફલો હાજર



બનાસકાંઠા જિલ્લામાં નિર્માણધિન બ્રિજના સ્લેબ ધરાશાયી થયા હોવાના સમાચાર સામે આવ્યા છે. પાલનપુરના છજ્જડ સર્કલ પાસે નિર્માણાધિન બ્રિજના ૫ જેટલા સ્લેબ તૂટી પડતા અધિકારીઓ અને પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો છે. તો સ્થાનિકોના ટોળે ટોળા પણ ઘટના સ્થળે એકઠા થઈ ગયા છે. નિર્માણાધિન બ્રિજના સ્લેબ નીચે રિક્ષા અને ટ્રેક્ટર દબાયા હોવાની આશંકા છે. જોકે, કોઈ મોટી જાનહાનીના સમાચાર સામે આવ્યા નથી.

બનાસકાંઠા જિલ્લાના પાલનપુરના છજ્જડ સર્કલ પાસે છેલ્લા દોઢ વર્ષથી બની રહેલા બ્રિજના ૫ જેટલા સ્લેબ તૂટી પડ્યા છે. ચાલુ કામ દરમિયાન બ્રિજના સ્લેબ ધરાશાઈ થતા નીચે ઉભેલ ટ્રેક્ટર અને રિક્ષા દટાઈ હોવાની આશંકા છે. આ અંગેની જાણ થતાં જ પોલીસની ટીમ ઘટના સ્થળે દોડી આવી છે. જાન્યુઆરી મહિનામાં આ બ્રિજનું લોકાર્પણ થાય એ પહેલા જ બ્રિજના ૫ સ્લેબ ધરાશાયી થતાં બ્રિજની કામગીરીમાં મોટાપાયે ભ્રષ્ટાચાર થયો હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. તો લોકાર્પણ પહેલા જ બ્રિજના સ્લેબ ધરાશાયી થતાં અનેક સવાલો ઉભા થયા છે.

બ્રિજના સ્લેબ ધરાશાયી થવાના મામલે પાલનપુરના ધારાસભ્ય અનિકેત ઠાકરનું નિવેદન સામે આવ્યું છે. તેમના જણાવ્યા અનુસાર, આ બ્રિજ જાન્યુઆરીમાં ચાલું થવાનો હતો એ પહેલા જ પાંચ જેટલા સ્લેબ ધરાશાયી થયા છે. આ બ્રિજની કામગીરી છેલ્લા દોઢ વર્ષથી ચાલી રહી હતી. હાઈવે પર નિર્માણાધિન બ્રિજના સ્લેબ ધરાશાયી થયા હોવાની પ્રાથમિક માહિતી મળી છે, હું પાલનપુર જઈ રહ્યો છું.

ગત જૂન મહિનામાં તાપીના મીંઢોળા નદી પર બનાવવામાં આવી રહેલો પુલ લોકાર્પણ પહેલા ધરાશાયી થયો હતો. તાપીના મીઢોંળા નદી પર વ્યારાના માયપુર અને દેગામાં ગામને જોડતો પુલ લોકાર્પણ પહેલા જ ધરાશાયી થયો હતો. આજે

અનુ પાના નં.૨ પર

## રોહિત, વિરાટ, રાહુલ વર્લ્ડ કપ અધવચ્ચે મૂકી ઘેર પાછા ફર્યા!



હાલ આઈસીસી મેન્સ ODI વર્લ્ડ કપ પૂરજોશમાં ચાલે છે. ભારત તેની પાંચેય મેચ જીતીને ટોચ પર છે. ટીમ ભારતનો હવે પછી મુકાબલો ૨૯ ઓક્ટોબરે લખનઉમાં વર્તમાન ચેમ્પિયન્સ ઈંગ્લેન્ડ સામે છે. પરંતુ, સ્પર્ધાની અધવચાળે ભારતનો કેપ્ટન રોહિત શર્મા, ભૂતપૂર્વ કેપ્ટન વિરાટ કોહલી અને વિકેટકીપર કે.એલ.

અનુ પાના નં.૨ પર

## ગુજરાતમાં વાવાઝોડાના હાઉ વચ્ચે બનાસકાંઠામાં વરસાદી વાતાવરણ

ગુજરાત માથે હાલ બે-બે વાવાઝોડાની સ્થિતિના ભણકારા વાગી રહ્યા હતા. પરંતુ હવે વાવાઝોડાની અસર મામલે હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમાં મોહંતીનું નિવેદન સામે આવ્યું છે અને તેમણે જણાવ્યું કે ગુજરાતમાં આગામી પાંચ થી સાત દિવસ વરસાદની હાલ કોઈ શક્યતા નથી અને વાવાઝોડાની અસર પણ ધીમી પડી રહી છે. તેઓએ તેજ વાવાઝોડા અંગે માહિતી આપતા જણાવ્યું કે આ સાયક્લોન હવે વેરી

અનુ પાના નં.૨ પર

## ભારતે એશિયન પેરા ગેમ્સમાં છ ગોલ્ડ, ૭ સિલ્વર, ૫ બ્રોન્ઝ જીત્યા

એશિયન પેરા ગેમ્સ ૨૦૨૩ ૨૨ થી ૨૮ ઓક્ટોબર દરમિયાન ચીનના હાંગઝોઉમાં રમાઈ રહી છે જેમાં પ્રવીણ કુમારે મેન્સ હાઈ જમ્પ-ટી૬૪માં ૨.૦૨ મીટર (ગેમ્સ રેકોર્ડ)ના શ્રેષ્ઠ જમ્પ સાથે ગોલ્ડ જીત્યો, ઉન્ની રેણુએ ૧.૯૫ મીટરના શ્રેષ્ઠ જમ્પ સાથે બ્રોન્ઝ જીત્યો

ભારતે હવે એશિયન પેરા ગેમ્સમાં ગોલ્ડ જીત્યો છે. તે મુજબ ૬ ગોલ્ડ, ૭ સિલ્વર અને ૫ બ્રોન્ઝ મેડલ સહિત કુલ ૧૮ મેડલ સાથે પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને છે.

પ્રાચી યાદવે એશિયન પેરા ગેમ્સમાં ભારતને પહેલો મેડલ અપાવ્યો હતો. પ્રાચી યાદવે કેનો વીએલ૨ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો. જે બાદ ભારત માટે મેડલનો વરસાદ થયો હતો.

પ્રણવ સુરમાએ એફ૫૧ ક્લબ થ્રો ઈવેન્ટમાં ૩૦.૦૧ મીટરના પ્રયાસ સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો અને એશિયન પેરા ગેમ્સનો નવો રેકોર્ડ બનાવ્યો, જ્યારે ધરમબીર (૨૮.૭૬એમ) અને અમિત કુમાર (૨૬.૯૩એમ) અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને રહ્યા. ઈવેન્ટમાં માત્ર ચાર સ્પર્ધકો હતા, જેમાં સાઉદી અરેબિયાની રાધી અલી અલાર્થી ૨૩.૭૭ મીટરના થ્રો સાથે છેલ્લા સ્થાને રહી હતી. સુરમાને ૧૬ વર્ષની ઉંમરે અકસ્માત થયો હતો જેમાં તેની કરોડરજ્જુમાં ઈજા થઈ હતી અને તે લકવો થઈ ગયો હતો. આ પછી તેણે પેરા સ્પોર્ટ્સમાં હાથ અજમાવવાનું નક્કી કર્યું, ૨૯ વર્ષીય ખેલાડીએ ૨૦૧૯ બેઈજિંગ વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ગ્રાં પ્રી ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો.





તસવીરઃ જીતુ સોલંકી

## હર હર મહાદેવ ગરબી મંડળ દ્વારા બાળાઓને ભોજન-લ્હાણી વિતરણ

જામનગરમાં છેલ્લા ૧૭ વર્ષથી ધાર્મિક સેવાકીય કાર્યમાં હંમેશા અગ્રેસર રહેતું હર હર મહાદેવ મિત્રિ મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવ અંતર્ગત શહેરની જુદી જુદી ગરબી મંડળમાં ભાગ લઈ રહેલી બાળાઓને કૃષ્ણનગર ખાતે સાતમા નોરતે ભોજન તેમજ લ્હાણીનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

# ગાગવા ગામના રિક્ષા ચાલક યુવાન પર હુમલો

### તું તારા કાકાને કેમ ઠપકો આપીને જેમ તેમ બોલે છે તેમ કહી માથું ફોડી નાખ્યુંઃ પૂત્રને બચાવવા વચ્ચે પડેલા માતા પણ ઘવાયા

જામનગર તાલુકાના ગાગવા ગામમાં એક રિક્ષા ચાલક યુવાન પર છ જેટલા શખ્સોએ સામાન્ય બાબતનો ખાર રાખી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યા હાવાનો બનાવ સિક્કા પોલીસ મથકમાં નોંધાયો છે.

આ બનાવની વિગત એવી છે કે, ગાગવા ગામમાં રહેતા નિતીન દેવાભાઈ બગડા નામનો યુવાન ગત ગત તા. ૨૧.૧૦ ના રોજ તેમના કાકા વિનોદભાઈના ઘરે વાતચીત કરી કોઈ બાબતમાં ઠપકો આપીને પોતાના ઘરે જઈ રહ્યા હતા ત્યારે પ્રવિણ સામત બગડાએ તેને આંતરી તારા કાકાને તું કેમ ઠપકો આપી નેજેમ તેમ બોલે છે તને આજે મારવો છે તેમ કહી ત્રણ ચાર ફડાકા મારી અન્ય તેમના સગા સંબંધીઓ લખમણભાઈ ગીગળ, સંજય વિનોદ બગડા, વિજય રૂપેન્દ્રભાઈ ખરા, રાજેશ ખીમસુરિયા, ગોવિંદ સામતભાઈ બગડા સહિતનાઓએ ઢીકા પાટુનો માર મારી તેમજ પથ્થર માતામાં મારતા લોહી લુહાણ કરી નાખ્યા હતાં તેમજ તેમને બચાવવા વચ્ચે પડેલા તેમના માતા મણીબેનને ધકકો મારતા હાથમાં ઈજા પહોંચી હતી. ઘવાયેલા નિતીનને ૧૦૮ માં સારવાર અર્થે જામનગરની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ અને તેની ફરિયારદ પરથી સિક્કા પોલીસે ગુનો નોંધી આરોપીઓને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# આર્થિક સંકડામણના કારણે જીવ દઈ દીધો જામનગરમાં કારખાનેદાર પ્રૌઢનો આપઘાત

જામનગરમાં મયુર ગ્રીન્સ શેરી નંબર પાંચ માં રહેતા અને દરેડ વિસ્તારમાં કારખાનું ધરાવતા લક્ષ્મણભાઈ લવજીભાઈ જાદવ નામના ૫૯ વર્ષના કારખાનેદારે આર્થિક ભીંસ ના કારણે ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લઈ પોતાની જિંદગી ટૂંકાવી છે.

મૃતકના પુત્ર ગૌરવ લક્ષ્મણભાઈ જાદવે પોલીસને જાણ કરતાં સીટી એ. ડિવિઝન પોલીસ મૃતદેહ નો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસમાં જાહેર કરાયા અનુસાર મૃતક કારખાને દારે પોતાના ધંધાની જરૂરિયાત માટે જુદી જુદી ત્રણ બેંકમાંથી લોન લીધી હતી. જેના હપ્તા ભરપાઈ કરી નહીં શકતાં આ પગલું ભરી લીધાનું જાહેર થયું છે. જે મામલે પોલીસ વધુ તપાસ ચલાવે છે.

## મોબાઈલ પર ક્રિકેટનો જુગાર રમતો રિક્ષા ચાલક પકડાયો

જામનગરમાં પટણી વાડમાં રહેતો રીક્ષા ચાલક ફકરૂદીન કપાસી જાહેરમાં મોબાઈલમાં ક્રિકેટની આઈડી મારફતે ભારત અને ન્યૂઝીલેન્ડ ક્રિકેટ મેચ પર જાહેરમાં ક્રિકેટનો સટ્ટો રમતાં પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. તેની અટકાયત કરી લઈ તેની પાસેથી ૧૩૫૦ રોકડ રકમ અને મોબાઈલ સહિતની સામગ્રી કબજે કરી છે, અને તેના સામે જુગાર ધારા ભંગ અંગે ગુનો નોંધ્યો છે.

## કોરાડાના યુવાનને કરી લીધો આપઘાત

દ્વારકાના કોરાડા ગામના વાડી વિસ્તારમાં રહેતા અને મૂળ સુરત જિલ્લાના બારડોલી તાલુકાના મોટી ફળોદ ગામના મૂળ રહીશ એવા મહેશભાઈ બચુભાઈ ચૌધરી નામના ૨૬ વર્ષના ખેત મજૂર યુવાનને છેલ્લા કેટલાક સમયથી કોઈ માનસિક ચિંતા હોય, જેના કારણે તેમણે પોતાના હાથે પાકમાં છાંટવાની ઝેરી દવા પી લેતા તેમનું મૃત્યુ નિપજ્યું હતું. જે અંગેની જાણ મોટી ફળોદ ગામના સુરેશભાઈ ગોવનભાઈ રાઠોડ (ઉ.વ. ૪૫)એ દ્વારકા પોલીસને કરી છે.

# રાજકોટની હોટલના મેનેજરે મહિલાની હત્યા કરી ત્રણ દિવસ લાશ ઘરમાં રાખી

### પડધરીના ખામટા પાસે મહિલાની હત્યાનો ભેદ ઉકેલાયોઃ પાર્ક ઈન હોટલના મેનેજરે અમદાવાદની મહિલાને પત્નીની જેમ સાથે રાખી હતી

પડધરી તાલુકાના ખામટા ગામ પાસે વાડી વિસ્તારમાં મહિલાની સળગાવેલી હાલતમાં લાશ મળી આવી હતી. જે અંગેની જાણ પોલીસને થતા પડધરી પોલીસ મથકનો સ્ટાફ અહીં દોડી ગયો હતો અને લાશને એફએસએલ રિપોર્ટ માટે ખસેડવામાં આવી હતી.આ ઘટનાને લઈ પડધરી પોલીસ અને રાજકોટ ગ્રામ્ય એલસીબી તથા એસઓજીની ટીમે તપાસ હાથ ધરી યુવતીની હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો હતો.પોલીસે આ પ્રકરણમાં રાજકોટની પાર્ક ઈન હોટલના મેનેજરની ધરપકડ કરી છે. તે અમદાવાદની મહિલા સાથે પતિની જેમ રહેતો હોય બંને વચ્ચે ઝઘડો થતાં ગળું દબાવી હત્યા કર્યા બાદ લાશ ત્રણ દિવસ સુધી ઘરમાં રાખી હતી અને બાદમાં ખામટા પાસે લાશ ફેંકી દઈ સળગાવી દીધી હતી.

હત્યાના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, પડધરી તાલુકાના ખામટા ગામની ધાર ભરતભાઈ નાનાલાલ વીરગામાની કબજા વાળી જગ્યા પાસે આવાવરૂ જગ્યાએ ગત તા.૯/૧૦ ના એક મહિલાની સળગાવેલી હાલતમાં લાશ પડી હોય દરમિયાન અહીં કારખાનાનો વેસ્ટ નાખવા આવનાર યુવાનનું ધ્યાન જતા તેણે પોલીસને જાણ કરી હતી.

બનાવના પગલે પડધરી પોલીસ મથકના પીએસઆઈ જી.જે. ઝાલા, એએસઆઈ ધર્મેશભાઈ લાવડીયા સહિતનો સ્ટાફ તુરંત બનાવ સ્થળે પહોંચી ગયો હતો. લાશ સળગાવી દેવામાં આવી હોય જેથી પ્રાથમિક દ્રષ્ટિએ ઓળખ મેળવવી મુશ્કેલ બની ગયું હતું. પોલીસ દ્વારા આ સળગાવેલી લાશને એફએસએલ રિપોર્ટ માટે મોકલવામાં આવી હતી.

## તંત્રી સ્થાનેથી..

## કેનેડા સાથે ઝગડા !

ભારતના સ્પષ્ટ આદેશ બાદ પોતાના રાજદ્વારીઓને બોલાવવા સિવાય કેનેડા પાસે કોઈ રસ્તો બચ્યો ન હતો. જોકે તેણે ભારતના આ વલણને ‘વિયેના કન્વેન્શન’ વિરુદ્ધ ગણાવ્યું છે, પરંતુ જસ્ટિન ટ્રુડો સરકાર આ ફરિયાદ કરતાં એ ભૂલી ગઈ કે ભારત ઉપર ખુદ તેના વડાપ્રધાને કોઈ સચોટ પુરાવા વિના માત્ર ગંભીર આરોપ લગાવ્યા, પરંતુ તેને દોહરાવ્યા પણ અને બીજા દેશો સાથે પરસ્પર મંત્રણામાં ભારતની છબિ ધૂમિલ કરવાની કોશિશ કરી. શું કેનેડાને એટલી ખબર નથી કે પરસ્પર દેશોમાં રાજદ્વારીઓની ઉપસ્થિતિ સમાન હોય છે? એટલે જ ભારતે આ કાયદાના પાલનની માંગ કરીને કશું ખોટું નથી કર્યું. એકંદરે, આ ઘટનાક્રમથી કેનેડાને તો સખત સંદેશ મળ્યો જ, બીજા દેશો માટે પણ તેમાં સ્પષ્ટ સંદેશ છે કે ભારત આતંકવાદ મુદ્દે કોઈ પ્રકારની ઢીલ મૂકવા તૈયાર નથી. ભારતમાં રહેતા કે ફરી રહેલા પોતાના નાગરિકો માટે કેનેડાએ જે એડવાઈઝરી જારી કરી છે, તે તેની ખીજ જ દર્શાવે છે અને તેનું કશું મહત્ત્વ નથી, કારણ કે ભારત એક આતિથ્યની ભાવના ધરાવતો દેશ છે. ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા સંદર્ભે વડાપ્રધાન ટ્રુડોનાં અપરિપક્વ નિવેદનોથી બંને દેશોના સંબંધો પોતાના નીચલા સ્તર પર પહોંચી ગયા હતા અને દ્વિપક્ષીય સંબંધોનો તકાદો એ જ હતો કે પરસ્પર વાતચીતથી તેને વધુ કડવા થતા રોકવામાં આવતા. ઓક્ટોબરની શરૂઆતમાં જ્યારે કેનેડાના વડાપ્રધાને એમ કહ્યું કે તે ભારત સાથે વિવાદ વધારવા નથી માંગતા, ત્યારે એવું લાગતું હતું કે કેનેડા પોતાની ભૂલ સુધારવા તૈયાર થઈ રહ્યું છે અને ચીજો જલ્દી પાટા પર આવી જશે.

# જામનગરમાં મહેર યુવા ગ્રુપ દ્વારા ઉજવાઈ ભવ્ય ગોલ્ડન નવરાત્રિ





તસવીરઃ જીતુ સોલંકી

જામનગરમાં તુલસી એવન્યું પાર્ટી પ્લોટમાં યોજાઇ મહેર સમાજની નવરાત્રીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મહેર મહિલાઓ એક એક કિલો સોનાના હાર પહેરી ગરબે ઝૂમ્યા હતાં. પારંપરિક પહેરવેશમાં મહેર સમાજની મહિલાઓએ રાસ ગરબાની રમઝટ બોલાવી હતી જે આકર્ષણનું કેન્દ્ર બની હતી. પાંચ-દસ તોલા સોનું નહિ કિલો કિલો સોનું પહેરી મહેર સમાજની મહિલાઓ રાસ રમ્યા હતી તે ખરેખર અદ્દભૂત જણાતું હતું. પુરુષો પણ પારંપરિક પહેરવેશમાં મણીયારો રાસ રમતાં જોયાં હતાં. મહેર સમાજની ૩૨ મહિલાઓએ ઝુમડું ,વેઠલા, કાથલી સહિતના ગોલ્ડના દાગીના પહેરી રમ્યા જે જામનગર માટે નવિન વાત સમાન સાબીત થઈ હતી એટલું જ નહીં ૨૫થી 30 કિલો સોનું પહેરી મહિલા ઓએ રાસડા લીધા અને તલવાર બાજી પણ કરી હતી.

## અનુસંધાન

### રાવણ દહન !

(પાના નં. ૪ થી આગળ)

પૂર્વ શહેરી વિકાસ મંત્રી પરમાણંદભાઈ ખટ્ટર હાજર રહેશે, અતિથિ વિશેષ પદે નગરસેવિકા બબીતાબેન લાલવાણી, પૂર્વ ડે. મેયર રેખાબેન શર્મા, નગરસેવિકા લીલાવંતીબેન ભદ્રા હાજરી આપશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા સિંધી સમાજના પ્રેસીડન્ટ ઘનશ્યામદાસ ગંગવાણી, પૂર્વ પ્રમુખ ઉદ્દવદાસ ભુગડોમલ, સેક્રેટરી કિશોરકુમાર સંતાણી, દશેરા કમિટી ચેરમેન પ્યારેલાલ રાજપાલ, વાઈસ ચેરમેન મનીષભાઈ રોહેરા ઉપરાંત મુકેશભાઈ લાલવાણી, પરસોતમભાઈ કકનાણી, ધનરાજ એમ. મંગવાણી, હરેશ ગનવાણી, હેમત દામાણી, પ્રકાશ હકાણી, મીતેશ ભદ્રા સહિતના સિંધી સમાજના અગ્રણીઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

કાર્યક્રમ માટે ખટ્ટર પરિવાર, ઘનશ્યામદાસ ગંગવાણી, રાજપાલ પરિવાર, રોહેરા પરિવાર, ખૂબચંદાણી પરિવાર, વધવા, હકાણી, કેવલરામાણી, ભુગડોમલ અને મંગવાણી પરિવાર દ્વારા અનુદાન આપવામાં આવેલ છે, દશેરા કમિટીના સભ્યોમાં કરમચંદ ખટ્ટર, અશોકકુમાર ખુબચંદાણી, મહેશકુમાર ખુવા, અમિત લછાણી, વિનોદકુમાર નેભાણી, ઈશ્વરલાલ ભકતાણી, જયકુમાર સેવકરામ, રાજકુમાર ખીલાણી, રાજકુમાર કેવલરામાણી, કપિલ મેઠવાણી, કાંતિલાલ આશવાણી, કાંતિલાલ રામચંદ, આશિષ કાંજયાણી, પીન્ટુ ભીમનદાસ, રોહિત નારવાણી સહિતની ટીમ કાર્યક્રમને સફળ બનાવશે.

### અપહરણ તથા દુષ્કમ

(પાના નં. ૪ થી આગળ)

અંગેનો કેસ અહીંના જજ શ્રી પી.વી. અગ્રવાલની કોર્ટમાં ચાલી જતા સરકાર તરફે જિલ્લા સરકારી વકીલ એલ.આર. ચાવડા દ્વારા કરવામાં આવેલી વિવિધ દલીલોને ગ્રાહ્ય રાખી, નામદાર અદાલતે આરોપીને જુદી જુદી કલમમાં ૨૦ વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા ૧૭,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

આ સાથે સગીરાના માનસિક, સામાજિક અને આર્થિક પુનર્વસન માટે તેણીને રૂ. ત્રણ લાખનું વિક્ટિમ કમ્પનસેશન સ્કીમ હેઠળ વળતર ચૂકવવા પણ આદેશ કરવામાં આવ્યો છે.

### ૮ લાખના ૫૮ લાખ

(પાના નં. ૪ થી આગળ)

હોવાનું જણાવી આરીફભાઈ નું અંદાજે સાતેક લાખ રૂપિયાની કિંમતનું બીજું મકાન પચાવી પાડ્યું હતું, અને પોતાના કબજામાં લઈ લીધૂ છે. જે સમગ્ર મામલો સીટી બી. ડિવિઝન પોલીસમાં લઈ જવાતાં પોલીસે આઈપીસી કલમ ૩૮૪,૫૦૪ તથા ગુજરાત મની લેન્ડર્સ એકટ ની કલમ ૫,૪૦,૪૨ મુજબ-ગુન્હો નોંધ્યો છે, અને આરોપીઓને પકડવા માટેની કાર્યવાહી હાથ ધરી છે.

### અપહરણ

(પાના નં. ૪ થી આગળ)

સામે એસ્ટ્રોસિટીએકટ તેમજ પોક્સો એક્ટની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે. જે આરોપીને અદાલત સમક્ષ રજૂ કરવા કાર્યવાહી હાથ ધરી છે.

### દારૂ સાથે

(પાના નં. ૪ થી આગળ)

નામનો સંડોવાયેલો હોવાનું ખુલતા પોલીસે પ્રોહી. એક્ટ મુજબ ગુનો નોંધી, આરોપી મુમા ઉર્ફે મોમા મુંધવાની અટકાયત કરી, દેવશી ભરવાડની શોધખોળ હાથ ધરી છે.

### આંદોલન

(પાના નં. ૪ થી આગળ)

વસ્ત્રો પહેરી ફરજ બજાવવી વગેરે નો સમાવેશ થાય છે. આ પછી તા. ૨-૧૧-૨૦૨૩ થી અચોક્કસ મુદ્દતની હડતાલનો સમાવેશ થાય છે, જો કે આ મુદ્દે સરકાર સાથે વાટાઘાટો ચાલે છે, પરંતુ હજુ સુધી સકારાત્મક જવાબ સાંપડ્યો નથી.

### પવનચક્કી

(પાના નં. ૪ થી આગળ)

મહત્વની બાબત દર્શાવવામાં આવી છે કે, કંપનીને ફાળવેલ જમીનના બદલે અન્ય સ્થળે વિન્ડ ફાર્મ ઉભા કરવાની કામગીરી ચાલે છે. માપણીની કામગીરી દરમ્યાન સ્થળ ફેરફાર થયા છે, જાહેર માર્ગ યથાવત રખાયેલ નથી, સબલીઝનો ભંગ ફાળવેલ જમીન કરતા વધુ જમીનનો ઉપયોગ કેસ દરમ્યાન રેવન્યુ રેકર્ડમાં ફેરફાર આવી મહત્વની બાબતો રજૂ કરવામાં આવી અને યથાવત સ્થિતિ જાળવી રાખવા મનાઈ હુકમ માંગવામાં આવ્યો હતો.

સામાન્ય પક્ષે કંપની તરફથી મનાઈ હુકમની માંગણીનો વિરોધ કરાયો હતો અને માપણીમાં નજીવો તફાવત હોવાનું તથા કલેકટર તરફથી શરતભંગની કોઈ કાર્યવાહી થઈ નહીં હોવા જેવી દલીલો રજૂ કરાઈ હતી.

આ સમગ્ર દલીલો બાદ તા.૨૧-૧૦ના રોજ જામનગર ગ્રામ્યના પ્રાંત અધિકારી દ્વારા એવો હુકમ કરવામાં આવ્યો છે કે, જામનગર તાલુકાના ગામોએ વિન્ડફાર્મના પ્રોજેકટ માટે ફાળવેલ જમીન બાબતે માપણી શીટ અને મહેસુલી રેકર્ડની શરત ભંગના કેસનો નિકાલ થતાં સુધી અથવા અન્ય હુકમ થતાં સુધી બેમાંથી વ્હેલું હોય એ સમય સુધી યથાવત સ્થિતિ જાળવી રાખવા તથા સ્થળ ફેરફાર થયેલ જમીનમાં નવા પોલ, પવનચકી, ઉભી કરવાની કામગીરી નહીં કરવા મનાઈ કરવામાં આવે છે. આ ઉપરાંત કેટલા ગામના સર્વે નંબરમાં કામ ચાલું છે તથા સ્થળ ફેરફારમાં તફાવત છે તે અંગેની વિગતો સોગંદનામા પર જાહેર કરવાની રહેશે.

અત્રે નોંધનીય છે કે, જામનગર તાલુકાના વાગડીયા, સુમરી, મીયાત્રા, વાણીયા ગામ, હડમતીયા, જગા, જામવણથલી, ઢંઢા, મોટી ભલસાણ, પસાયા, ફલ્લા, વાગડીયાનો સમાવેશ છે, આ તમામ ૧૨ ગામમાં સુઝલોન કંપનીના ૨૧ પવનચકી પ્રોજેકટ ચાલી રહ્યા છે. જેને હાલ મનાઈ હુકમ મળી ગયો છે.

### બાખડી પડ્યા

(પાના નં. ૩ થી આગળ)

જેમાં પોલીસે એક આરોપી કુલદીપ લખુભાઈ વરૂની અટકાયત કરી લીધી છે, જ્યારે અન્ય આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

### સૃષ્ટિ વિરુધ્ધ કૃત્ય

(પાના નં. ૩ થી આગળ)

માંગરોળ પહોંચી તપાસનો ધમધમાટ હાથ ધરવામાં આવ્યો છે. આ અંગે મદ્રેસાના બંન્ને રાઉન્ડ અપ કરી ડીવાયએસપી, પીએસઆઈ સહિતની ટીમે આરોપીઓના ઈતિહાસ અને સમગ્ર બનાવમાં અગાઉ પણ કોઈ બાળક ભોગ બન્યા છે કે કેમ તે અંગે પૂનપરનનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

### ગુજરાત ભાજપ

(પાના નં. ૧ થી આગળ)

જણાવ્યું હતું કે, પ્રદીપસિંહ વાઘેલાએ વ્યકિતગત કારણોસર ભાજપના પ્રદેશ મહામંત્રીનું પદ છોડ્યું છે. તેમનું રાજીનામું સ્વીકારી લેવામાં આવ્યું છે. તો બીજી બાજુ ભાજપના મહામંત્રી ભાર્ગવ ભટ્ટએ પણ રાજીનામું આપી દીધું હતું.

### એક દેશ એક ચૂંટણી

(પાના નં. ૧ થી આગળ)

ખરેખર ઈવીએમ અને વીવીપેટ એટલે કે વેરિફાયેબલ, પેપર ઓડિટ ટ્રેલ મશીનોમાં તેનો મુખ્યરૂપે ઉપયોગ થાય છે. ખાસ વાત તો એ છે કે ફક્ત લોકસભા ચૂંટણી માટે ૨૦૨૪માં આશરે ૪ લાખ મશીનોની જરૂર પડશે. મશીનની આ વતર્માન જરૂરિયાતમાં વિધાનસભા ચૂંટણીને તો સામેલ જ નથી કરાઈ.

### જોર્ડનનાં કિંગ

(પાના નં. ૧ થી આગળ)

વાતચીત થઈ. બંનેની વચ્ચે વેસ્ટ એશિયામાં હાલનાં સમયમાં ચાલી રહેલા ડેવેલોપમેન્ટ પર ચર્ચા થઈ. તેમણે કહ્યું કે અમે આતંકવાદ, હિંસા અને સામાન્ય નાગરિકોનાં મૃત્યુને લઈને ચિંતા વ્યક્ત કરી. થોડા દિવસો પહેલાં ભારતીય પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીએ પેલેસ્ટાઈનનાં રાષ્ટ્રપતિ મહમૂદ અબ્બાસની સાથે વાત કરી હતી. આ વાતચીત દરમિયાન મોદીએ ગાઝાનાં અલ અહલી હોસ્પિટલમાં નાગરિકોનાં મૃત્યુ પર પોતાની સંવેદના વ્યક્ત કરી હતી.

### બ્રિજના સ્લેબ ભૂમ્મ

(પાના નં. ૧ થી આગળ)

વહેલી સવારે માયપુર અને દેગામાં ગામને જોડતો પુલ તૂટી પડ્યો હતો. જોકે, આ દુર્ઘટનામાં કોઈ જાનહાની થઈ નહોતી. લોકાર્પણ પહેલા પૂલ ધડામ દઈને તૂટી પડતા લોકોમાં પુલની ગુણવત્તાને લઈને ચર્ચા જાગી હતી.

### બાંગ્લાદેશ

(પાના નં. ૧ થી આગળ)

હતું કે, પ્રારંભિક અહેવાલોમાં કહેવામાં આવ્યું છે કે માલગાડીએ પાછળથી અગરો સિંધુર ટ્રેનને ટક્કર મારી હતી.‘‘ ભૈરબના એક સરકારી અધિકારી સાદિકુર રહેમાને એએફપીને જણાવ્યું હતું કે, ‘‘અમે ૧૫ મૃતદેહો બહાર કાઢ્યા છે અને ઘણા ઘાયલ થયા છે.‘‘ મૃત્યુઆંકમાં વધારો થવાની શક્યતા નકારી શકાય નહીં.

આ અકસ્માતમાં કેટલાક લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે. હાલ બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે. ઘાયલોને હોસ્પિટલ મોકલવામાં આવી રહ્યા છે. સ્થળ પરના લોકો ક્ષતિગ્રસ્ત બોગીઓ નીચે ફસાયેલા ઈજાગ્રસ્તોને બહાર કાઢવામાં પણ મદદ કરી રહ્યા છે. ટ્રેન અકસ્માતની તસવીર જોઈને દુર્ઘટનાની તીવ્રતાનો અંદાજ લગાવી શકાય છે. ટ્રેનનો એક ડબ્બો સંપૂર્ણ રીતે પલટી ગયેલો જોવા મળી રહ્યો છે.

### રોહિત, વિરાટ

(પાના નં. ૧ થી આગળ)

રાહુલ થોડાક સમય માટે પોતપોતાના ઘેર પાછા ફર્યા છે. આ ત્રણેય ખેલાડી એમના કુટુંબીજનોને મળવા આવ્યા છે. ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)ના સૂત્રોએ આ વિશે કહ્યું કે, ભારતની હવે પછીની મેચ ૭ દિવસ પછી રમાવાની છે. તેથી ખેલાડીઓને એમના ઘેર જવા દેવાનો નિર્ણય યોગ્ય છે. જેથી તેઓ થોડોક સમય એમના પરિવારજનો સાથે રહી શકશે.

### વાવાઝોડાના હાઉ

(પાના નં. ૧ થી આગળ)

સિવિયરમાંથી નબળું પડીને સિવિયર સાઈકોલોન બની ગયું છે અને તેમની ડાયરેકશન નોર્થ વેસ્ટ બાજુ છે. જે યમન કોસ્ટને ૨૪મી ઓકટોબરના રોજ ક્રોસ કરે તેવી શકયતા જોવા મળી રહી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમાં મોહંતીના જણાવાયા અનુસાર ગુજરાતમાં આગામી પાંચ દિવસ વરસાદની શક્યતા નથી અને મહત્તમ તથા લઘુતમ તાપમાનમાં મોટો ફેરફાર થાય તેવું કોઈ શક્યતા જોવાય રહી નથી. હાલ સવારનું તાપમાન ૩૬ થી ૩૮ ડિગ્રીનું રહેશે અને રાતના તાપમાનમાં ૨૧ થી ૨૪ સુધી રહે તેવું જણાઈ રહ્યું છે. આ વાવાઝોડાની ગુજરાતને વધુ અસર કરે તેવી કોઈ શકયતા નથી પરંતુ તેમની અસરના ભાગરૂપે બનાસકાંઠાના ઈકબાલગઢમાં વરસાદ શરૂ થઈ ચૂક્યો છે.

# જામનગરનું ગૌરવઃ ડેન્ટલ કૉલેજને મળ્યું આરોગ્ય ક્ષેત્રનું સર્વોત્તમ એનએબીએચ પ્રમાણપત્ર

## છેલ્લા ત્રણ દાયકાથી દંત ચિકિત્સામાં અવ્વલ તથા સર્વોત્તમ આરોગ્ય સેવાઓ પુરી પાડવા બદલ કેન્દ્રના એન.એ.બી.એચ. બોર્ડ દ્વારા પ્રમાણપત્ર એનાયતઃ દરરોજની ૨૦૦થી વધુ દર્દીની ઓપીડી

જામનગરમાં છેલ્લા ત્રણ દાયકાથી દંત ચિકિત્સા ક્ષેત્રે સર્વોત્તમ આરોગ્ય સેવાઓ પૂરી પાડતી શહેરની સરકારી ડેન્ટલ હોસ્પિટલને ભારત સરકારના એન.એ.બી. એચ.બોર્ડ દ્વારા ફુલ એક્રેડીટેશન પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે. આ પ્રમાણપત્ર મેળવનાર સરકારી ડેન્ટલ હોસ્પિટલ સમગ્ર સૌરાષ્ટ્રમાં પ્રથમ હોસ્પિટલ બની છે. આમ આ પ્રમાણપત્ર મળતા જામનગરનું ગૌરવ વધ્યું છે. આ હોસ્પિટલમાં નવ વિભાગ છે તેમજ ૨૮૦ ડેન્ટલ ચેર છે અને ૭૦ તબીબની સુવિધા છે.

દિલ્હીથી આવેલી ટીમે બે દિવસ રોકાઈને હોસ્પિટલના તમામ વિભાગોનું સુક્ષ્મ નિરિક્ષણ કર્યું હતું જેમાં દર્દીઓની સાર-સંભાળ, સુવિધા, સલામતી ચેપ નિયંત્રણ, બેક્ટેરીયા મુક્ત મોડ્યુલર ઓપરેશન થિયેટર,



તસવીરઃ જીતુ સોલંકી

ઓપરેશનના સાધનો જંતુ મુક્ત કરવા આધુનિક સી.એસ.એસ.ડી. વિભાગ સહિતનું નિરિક્ષણ સાથે ટીમ દ્વારા દર્દીના સગા, હોસ્પિટલ સ્ટાફ, મેનેજમેન્ટ ટીમ સાથે અલગ-અલગ મુલાકાત ચર્ચા કરવામાં આવી હતી.

આ બધી જ જટીલ કસોટીઓમાં સરકારી ડેન્ટલ હોસ્પિટલ ખરી ઉતરતા નિષ્ણાંત ટીમે પ્રશંસા અને સરાહના કરેલ અને આ બાબતનો પોતાનો હકારાત્મક રિપોર્ટ એન.એ.બી.એચ. બોર્ડને મોકલી આપેલા હતા, જેના આધારે સરકારી ડેન્ટલ કોલેજને આ ગૌરવમય ઍક્રેડીએશન પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે. ડેન્ટલ કોલેજના ડીન ડો. નયનાબેન પટેલ તથા સમગ્ર પ્રોફેસર-આસી. પ્રોફેસર અને કોલેજના છાત્રોએ આ પ્રમાણપત્ર માટે આનંદની લાગણી વ્યક્ત કરી છે.

# ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે એ ખૂબ જ જરૂરી

## જિલ્લા કલેકટર અને ડીડીઓએ પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત લીધીઃ અધિકારીઓએ પ્રાકૃતિક કૃષિના ઉત્પાદનો તેમજ વિવિધ પદ્ધતિઓની ઝીણવટભરી માહિતી મેળવી





આત્મા પ્રોજેક્ટ અને ખેતીવાડી શાખા દ્વારા જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે કામગીરી કરવામાં આવી રહી છે. તેમજ વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરતા થાય તેવો ખેડૂતોને અનુરોધ કરવામાં આવી રહ્યો છે.

જે અનુસંધાને જામનગર જિલ્લાના કલેકટર બી.એ.શાહ અને જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ દ્વારા જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના જામવાડી ગામે સુરભી પ્રાકૃતિક ફાર્મ અને નચિકેતા પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લીધી હતી. સુરભી પ્રાકૃતિક ફાર્મની મુલાકાત દરમિયાન અધિકારીઓને જીવામૃત બનાવવાની રીત અને ઉપયોગ તેમજ ફાયદા વિશે સુરેશભાઈ સુતરીયા દ્વારા માહિતી આપવામાં આવેલ તેમજ અધિકારીઓએ અહીં ઉત્પાદિત થતા બાગાયતી પાકોની પણ મુલાકાત લઈ વિવિધ માહિતી મેળવેલ.

દિનેશભાઈ કાલરીયાએ તેમના પંચસ્તરીય મોડલ ફાર્મની મુલાકાત દરમિયાન અધિકારીઓને તેમના ફાર્મમાં વાવેલ કેળ, પપૈયા જેવા બાગાયતી પાકોમાં પ્રાકૃતિક કૃષિથી તથા ફાયદા તેમજ પ્રાકૃતિક ફાર્મમાં વાવેલ હળદર, તુવેરમાં જીવામૃતના ઉપયોગથી થતા ફાયદા વિશે માહિતી આપેલ અને તેમના ખેતરમાં રહેલ ખેત તલાવડી, કુવા રીચાર્જ સિસ્ટમથી અવગત કરેલ.જ્યાં પ્રાકૃતિક કૃષિના પાંચ સિદ્ધાંતોમાનું એક ઘન જીવામૃત બનાવવામાં આવે છે તે જામવાડી ગામની ગૌશાળાની અધિકારીશ્રીએ મુલાકાત લીધી હતી. ગૌશાળા દ્વારા ખેડૂતોને જીવામૃત વિતરણ કરી પ્રાકૃતિક કૃષિ માટે પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે છે. તેમજ પ્રાકૃતિક કૃષિના અન્ય સિદ્ધાંતો જેવા કે આચ્છાદન, વાસા અને જંતુનાશક અસ્ત્રો વિષે માહિતી આપવામાં આવે છે.

ત્યારબાદ અધિકારીઓ દ્વારા લાલપુર તાલુકાના નાંદુરી ગામના યાદવ પ્રાકૃતિક ફાર્મ અને મોટી રાફદળ ગામના ગોપાલ પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લીધેલ અને ત્યા થતા પ્રાકૃતિક કૃષિના ઉત્પાદનો તેમજ વિવિધ પદ્ધતિઓની ઝીણવટભરી માહિતી મેળવી હતી. આ તકે કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીએ ખેડૂતોની કામગીરીને બિરદાવેલ અને અધિકારીઓ અને ખેડૂતોને તેમના વિસ્તાર અને જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે જરૂરી પ્રયાસો હાથ ધરવા જણાવેલ. આ મુલાકાતમાં તેમની સાથે આત્મા પ્રોજેક્ટના પ્રોજેક્ટ ડાયરેક્ટર બી.એમ.આગઠ, ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર જે.બી.પટેલ, જીલ્લા ખેતીવાડી અધિકારી આર.એસ. ગોહેલ અને ખેતીવાડી તેમજ આત્મા પ્રોજેક્ટનો સ્ટાફ જોડાયેલ હતો.

# ''પ્રકૃત્તિ મિત્ર''ની નવતર પહેલ માટીના ગરબા પાણીમાં નહીં પધરાવી ''ચકલીઘર'' બનાવીએ

જામનગરની સંસ્થા ''પ્રકૃત્તિ મિત્ર'' દ્વારા શહેરમાં 'ગરબો એ ચકલીનું ઘર' એક નવી પહેલના ઉદેશથી ઘરમાં નવરાત્રી દરમ્યાન સ્થાપન કરવામાં આવતા ગરબા એકત્ર કરી અને અલગ અલગ વિસ્તારોમાં જયાં વિસ્તારમાં ચકલીઓની સંખ્યા હોય ત્યાં આ ગરબા યોગ્ય રીતે લગાડાવી શકાય. અને સાથેસાથે જ વિશ્વ ચકલી દિવસના દીવસે પણ એકત્ર થયેલા ગરબા ''ચકલી ઘર'' તરીકે વિનામુલ્યે વિતરણ કરી શકાય તેવો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. જેથી ગરબા પાણી માં નહીં પધરાવા માટે લોકોને વિનંતી કરવામાં આવી છે. આ કાર્ય માટે જે-તે વિસ્તારમાં-સોસાયટીમાં કે મોટી સંખ્યામાં ગરબા હોય તો પ્રકૃત્તિ મિત્ર ને ફોન થી જાણ કરવામાં આવશે તો ત્યાંથી ગરબા લેવા આવવા માટેની વ્યવસ્થા ગોઠવી આપવામાં આવશે. અને રૂબરૂ ગરબા પંહોચાડી આપવા માટે પ્રકૃત્તિ મિત્રોના વિસ્તાર મુજબ, નરેન્દ્રભાઈ ભેંસદડિયા (ખોડિયાર કોલોની -૯૪૨૭૯ ૪૩૯૮૮), મયુરભાઈ નાખવા, (ન્યારા પેટ્રોલ પંપ, પવન ચક્કી - ૯૮૨૪૨ ૨૪૬૦૧), પ્રકાશભાઈ આમરણીયા(રણજીત નગર, જનતા ફાટક, ૯૬૨૫૯ ૩૩૮૩૪), ભૌતિકભાઈ સંઘાણી (લાલપુર ચોકડી- ગ્રીન સીટી - ૮૪૦૧૨ ૮૮૨૮૮), ભાવેશભાઈ પઢિયાર( શરૂ શેક્શન રોડ - ૯૮૨૫૨૧૯૫૧૨), મીકાંતભાઈ વડોદરિયા (ઓશવાળ - ૨, ૭૬૯૮૭ ૩૦૦૧૦)નો સંપર્ક કરવા જણાવાયું છે.

# લાલપુર તાલુકામાં પડોશી બાખડી પડ્યા

## નાંદુરીમાં પરિવાર પર પડોશીઓનો હુમલો રસ્તે ચાલવા જેવી બાબતે ઉગ્ર સ્વરૂપ પકડી લીધું

લાલપુર તાલુકા નાંદુરી ગામમાં રહેતા ખેડૂત પરિવારના બે પાડોશીઓ વચ્ચે રસ્તે ચાલવા બાબતે તકરાર ચાલતી હતી, જે મન દુઃખ ના કારણે એક જૂથ દ્વારા પાડોશી જુથના સભ્યો પર હુમલો કરાયાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઇ છે. જેમાં પોલિસે સાત શખ્સો સામે ગુનો નોંધી એક ની અટકાયત કરી છે.

જામનગર જિલ્લાના લાલપુર તાલુકા ના નાંદુરી ગામમાં વાડી વિસ્તારમાં રહેતા અને ખેતી કામ કરતા મેરગભાઈ હેભાભાઈ કરંગીયા નામના ૫૦ વર્ષના ખેડૂતે પોતાના ઉપર તેમજ પોતાના પરિવારના સભ્યો ઉપર લાકડાના ધોકા અને પથ્થર વડે હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે ભીખા જેઠાભાઈ વરુ, ભરત જેતાભાઈ વરુ, સતીબેન દેશુરભાઈ વરૂ, સાગર કારાભાઈ, મયુર કારાભાઈ અને કુલદીપ લખુભાઈ વરુ સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી અને બે જૂથ વચ્ચે રસ્તે ચાલવા બાબતે વિવાદ ચાલી રહ્યો છે, અને કોર્ટમાં કેસ પણ કરેલો છે. જે સંબંધે મનદુઃખ રાખીને ગઈકાલે એક જૂથ દ્વારા આ હુમલો કરાયા નું લાલપુર પોલીસમાં જાહેર કરાયું છે.

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં પ્રથમ વખત જ્ઞાતી પ્રત્યે અપમાનીત કરવાના કેસમાં સજા ફરમાવતી સ્પેશિયલ કોર્ટ

જામનગર જીલ્લાના ધ્રોલ મુકામે રહેતા ભરતભાઈ હરીભાઈ વાણીયા કે જેઓ ધ્રોલ મુકામે ત્રિકોણબાગ પાસે આવેલ મહાદેવ ડેરી એન્ડ ફુડ નામની દુકાનમાં નોકરી કરતા હતા ત્યારે આ કેસના આરોપી અનિરુધ્ધસિંહ ઉર્ફે ભુરો ગંભીરસિંહ જાડેજાના ભાઇએ આ દુકાનમાં આવી તોડફોડ કરી નુકશાન કરેલ જેથી ભરતભાઇએ તેઓ વિરુધ્ધ ધ્રોલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ ફરીયાદનો ખાર રાખીને આરોપી અનિરુધ્ધસિંહ ફરીયાદીની દુકાને જઇને અપશબ્દો કહી મારી નાખવાની ધમકી આપી ફરીયાદી ભરતભાઇ વાણીયાને જાતી પ્રત્યે અપમાનીત કર્યા હતા, આ બનાવ અન્વયે ફરીયાદી ભરતભાઇએ આરોપી સામે ધ્રોલ પોલીસ સ્ટેશનમાં એટ્રોસીટી એકટ મુજબ ફરીયાદ નોંધાવી હતી.

આ કેસ અત્રેની સ્પેશ્યલ અદાલતમાં કમીટ થઇને આવતા સરકાર તરફે એપીપી ધર્મેન્દ્ર એ. જીવરાજાની હાજર થયેલા હતા, આ કામે સરકાર પક્ષે ૧૩ સાહેદો તપાસવામાં આવેલ તથા ૧૦ જેટલા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ, સરકાર તરફે દલીલ કરવામાં આવી હતી કે, ફરીયાદીએ પોલીસ રૂબરૂ જે હકીકત લખાવેલ તે જ હકીકત કોર્ટ રૂબરૂ જણાવેલ છે, તથા બનાવ નજરે જોનાર સાહેદોની જુબાની પરથી પણ ફરીયાદને અનુસુચીત જાતીના વિકાસ માટે અનેક કામો તથા યોજનાઓ કરે છે ત્યારે અનુસુચીત જાતીના વ્યકિતને અપમાનીત કરનાર વ્યકિતે સજા કરવી જ જોઇએ વિગેરે દલીલ કરી હતી.

સરકાર તરફે કરેલ દલીલ માન્ય રાખીને જામનગરના સ્પે. જજ એ.એ. વ્યાસે આરોપી અનિરુધ્ધસિંહ ઉર્ફે ભુરાને એટ્રોસીટી એકટની કલમ ૩(૧) અન્વયે તકસીરવાન ઠરાવી ૬ માસની સજાનો હુકમ ફરમાવેલ છે તથા રૂા. ૧૦૦૦ દંડ ફટકારેલ છે, આ કેસમાં સરકાર તરફે એપીપી ધર્મેન્દ્ર એ. જીવરાજાની રોકાયા હતા.

# પૂર્વ ભાગીદારનો વિશ્વાસઘાતઃ ૧૦ લાખનો ચેક બાઉન્સ કરાવી કેસ કર્યો

## રાજકોટ રહેતા જસદણના શિવરાજપુરના વતની અમદાવાદ રહેતા ભાગીદાર સામે ફરિયાદ નોંધાવી નારણકા પાસે ભાગીદારીમાં શરૂ કરેલું કારખાનું બંધ થયા બાદ ભાગીદારને હિસાબ ચૂકવી આપ્યો હતો

હાલ રાજકોટમાં રહેતા મૂળ જસદણના શિવરાજપુરના વતની પટેલ પ્રૌઢએ હાલ અમદાવાદરહેતા મૂળ શિવરાજપુરના વતની એવા પૂર્વ ભાગીદાર સામે છેતરપિંડી-વિશ્વાસઘાત અંગેની કોટડા સાંગાણી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ભાગીદારીમાં હિસાબ પૂરો થયા બાદ ભાગીદારે સહીનો દુરૂપયોગ કરી રૂ.૧૦ લાખનો ચેક વટાવવા નાખી બાઉન્સ કરાવી કેસ કર્યો હતો જે અંગેની જાણ થયા બાદઆ મામલે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

છેતરપિંડી- વિશ્વાસઘાતના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, હાલ રાજકોટમાં રણુજા મંદિર પાછળ પટેલ પાર્ક બ્લોક નંબર ૧૫૨ માં રહેતા મૂળ જસદણના શિવરાજપુરના વતની ભરતભાઈ લવજીભાઈ રામાણી(ઉ.વ ૫૬) દ્વારા કોટડા સાંગાણી પોલીસ મથકમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે હાલ અમદાવાદમાં રહેતા મૂળ શિવરાજપુરના વતની રામજી પોપટભાઈ પટેલનું નામ આપ્યું છે. ફરિયાદીએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓએ વર્ષ ૨૦૨૦ માં કોટડા સાંગાણીના નારણકા ગામની ટીમમાં ક્રિષ્ના થર્મોપેક ઈન્ડસ્ટ્રીઝ નામથી ભાગીદારીમાં કારખાનું શરૂ કર્યું હતું જેમાં તેઓ ૫૦ ટકાના ભાગીદાર હતા જ્યારે રામજી પટેલ ૨૫ ટકા અને વલ્લભ ડોબરીયા ૨૫ ટકાના ભાગીદાર હતા. ફરિયાદીને કારખાનામાં બહારના કામ રહેતા હોય જેથી વહીવટ કરવાનું મુશ્કેલી પડતી હોય ભાગીદાર રામજી પટેલે કહ્યું હતું કે તમારી સહીથી પેઢીના વ્યવહારો ચાલતા હોય જેથી બે ત્રણ કોરા ચેકમાં સહી કરી રાખતા જાવ જેથી વહીવટ સરળતાથી ચાલ્યા કરે માટે ફરિયાદીએ કોરા ચેકમાં સહી કરી આપી હતી.

બાદમાં ધંધામાં નુકસાન જતા કારખાનું બંધ કરી દીધું હતું અને ભાગીદારી છૂટી કરી દીધી હતી તે સમયે બંને ભાગીદારોને રૂપિયા ૮૨.૫૧ લાખ ચૂકવી આપ્યા હતા જેના લેખિત કરાર પણ કર્યા હતા.

દરમિયાન તારીખ ૧૧/૯/૨૦૨૩ ના પૂર્વ ભાગીદાર રામજી પટેલે પૂર્વ પેઢીનો ચેક તેમની એચડીએફસી બેન્કની ખંભાળિયા શાખામાં દસ લાખની રકમ ભરી વટાવવા માટે નાખ્યો હતો. આ એકાઉન્ટ બંધ કરાવેલ ન હોય અને એકાઉન્ટમાં બેલેન્સ ન હોવાથી ચેક રિટર્ન થયો હતો બાદમાં ચેક રિટર્ન અંગેની નોટિસ ફરિયાદીને મળતા તેઓએ તપાસ કરતા માલુમ પડ્યું હતું કે, પૂર્વ ભાગીદારે આ ચેક વટાવવા માટે નાખ્યો હતો બાદમાં ભાગીદારી છૂટી કરતી વેળાએ થયેલા કરારમાં સાક્ષી રહેલા શૈલેષભાઈ ઠુંમર જે રામજી પટેલના ભત્રીજા થતા હોય ફરિયાદીએ તેને વાત કરતા તેણે કહ્યું હતું કે રામજીભાઈ પાસે હજુ એક ચેક તમારી સહીવાળો છે અને તેમાં પણ મોટી રકમ ભરી વટાવવા માટે નાખશે તેવું જણાવતા ફરિયાદીએ પૂર્વ ભાગીદાર સામે છેતરપિંડી-વિશ્વાસઘાત કર્યા અંગેની આ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે આઈપીસીની કલમ ૪૦૬,૪૨૦ મુજબ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી છે.

# માંગરોળના મદ્રેસામાં ત્રણ તાલીબે ઈલ્મ ઉપર સૃષ્ટિ વિરુદ્ધ કૃત્યના ગુનામાં ઉસ્તાદ અને ટ્રસ્ટીની ધરપકડ

## અન્ય વિદ્યાર્થીએ માતા-પિતાને જાણ કરતા ત્રણેક સપ્તાહથી આ પ્રકરણ ટોક ઓફ ધી ટાઉન બન્યું હતું

**ફિટકાર**

માંગરોળના મદ્રેસામાં ત્રણ તરુણ સાથે ઉસ્તાદ અને ટ્રસ્ટીઓએ સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યાના બનાવમાં પોલીસે તમામને રાઉન્ડ અપ કરી વધુ પૂછપરછ હાથ ધરી છે.

માંગરોળમાં આવેલા મદ્રેસામાં તરુણ સાથે ઉસ્તાદ અને ટ્રસ્ટીએ સૃષ્ટિ વિરુધ્ધનું કૃત્ય કરી કોઈને કહેશે તો મારી નાખવાની ધમકી આપી હતી બનાવને લાઈ ફરિયાદ થતા પોલીસે ગુનો નોંધી મદ્રેસાના ઉસ્તાદ અને ટ્રસ્ટીને રાઉન્ડ અપ કરી વધુ પૂજપછ હાથ ધરી હતી.

માંગરોળના વેરાવળ રોડ પર કાશીકુલ ઉલ્લુમ મદ્રેસા આવેલું છે. જેમાં બાળકો રહી અભ્યાસ કરે છે. ત્રણ સપ્તાહ પેલા રાત્રીના ત્રણ વાગ્યા આસપાસ એક તરુણ પર મદ્રેસાના ઉસ્તાદ મૌલાના ઉસ્તાદ અબ્બાસ સમેજા અને ટ્રસ્ટી મુક્તિ દાઉદ ફકીરાએ સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યુ હતું. આ અંગે અન્ય તરુણને જાણ થતા આ શખ્સોએ તેને ધમકી આપી હતી. ભોગ બનનાર તરુણે પરિવારને જાણ કરવામાં આવી હતી. સમગ્ર મામલે માંગરોળ પોલીસમાં કાશી કુલ ઉલ્લુમ એજ્યુકેશન ટ્રસ્ટના ઉસ્તાદ મૌલાના અબ્બાસ સમેજા અને ટ્રસ્ટી મફતી દાઉદ ફકીરા સામે આઈપીસી ૩૭૭, ૩૨૩, ૧૪૪ પોકસલ સહિતની કલમ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. સમગ્ર બનાવની ગંભીરતાને લઈ જૂનાગઢ એસપી હર્ષદ મહેતા

અનુ પાના નં.૨ પર

# આજે વિજયા દશમી... જામનગરમાં સિંધી સમાજ દ્વારા રાવણ દહન !

જામનગરમાં સિંધી સમાજ દ્વારા પરંપરાગત રીતે આજે વિજયાદશમી પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે રાવણદહનના ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, આ નિમિતે નાનકપુરીથી ૧૦ ટ્રેકટર, ૬ ઘોડા, ૩ બગી ગાડી, એક ડીજે, એક જીપ સહિતનો કાફલો શહેરના રાજમાર્ગો પર નીકળીને પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે રાવણ, મેઘનાથ અને કુંભકર્ણનું દહન કરશે.

દશેરા નિમિતે જામનગરમાં સિંધી સમાજ દ્વારા રાવણદહનનો કાર્યક્રમ વર્ષોથી ઉજવવામાં આવે છે, રાવણદહનના કાર્યક્રમમાં સિંધી સમાજના સભ્યો દ્વારા ૧૦૦ જેટલા વ્યક્તિઓ રામ, લક્ષ્મણ, સીતા, હનુમાન, વાનરસેના સહિતના પાત્રો ભજવશે.

રાવણનું દહન કરવા માટે રામસેના નાનકપુરીથી બપોરે ૩.૩૦ વાગ્યે પ્રસ્થાન કરીને આર્યસમાજ, ખંભાળીયા નાકા, હવાઈચોક, સેતાવાડ, સેન્ટ્રલ બેંક, બર્ધન ચોક, દરબારગઢ, ચાંદીબજાર, રતનબાઈ મસ્જીદ, સજુબા સ્કૂલ, રણજીતરોડ, બેડીનાકા, સુપર માર્કેટ, ટાઉનહોલ,


તસવીરઃ જીતુ સોલંકી

લીમડાલાઈન, ક્રિકેટ બંગલા, જિલ્લા પંચાયત થઈ પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે સાંજે ૪.૩૦ વાગ્યે પહોંચી, જ્યાં રાવણ સાથે યુધ્ધ કરશે અને જેવી રીતે અસત્ય પર સત્યનો વિજય થાય છે તેમ રામસેના દ્વારા રાવણદહન થશે.

સિંધી સમાજ દ્વારા આયોજીત આ સમગ્ર કાર્યક્રમમાં રાવણના પૂતળાની સાઈઝ ૪૦ થી ૪૫ ફૂટ, મેઘનાથની ૩૫ થી ૪૦ ફૂટ અને કુંભકર્ણની ૩૦ થી ૩૫ ફૂટ રાખવામાં આવી છે, આ ત્રણેય પૂતળામાં ફકત લાકડાઓનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે, એક પૂતળામાં અંદાજે ૪૦૦૦ થી વધુ બોમ્બ રાખવામાં આવ્યા છે, છેલ્લા ઘણાં દિવસથી સિંધી સમાજ દ્વારા આ કાર્યક્રમને ઓપ આપવામાં આવી રહ્યો હતો, સાથોસાથ ફાયર વિભાગ અને સીસી ટીવી કેમેરા પણ પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે સજ્જ રાખવામાં આવ્યા છે.

વિજયાદશમીના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે સાંસદ પૂનમબેન માડમ, મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, શહેર ભાજપ પ્રમુખ ડો. વિમલ કગથરા, ડે. મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટે. ચેરમેન નિલેશભાઈ કગથરા,

અનુ પાના નં.૨ પર

## સાંસદ, ધારાસભ્યો સહિતના મહાનુભાવોની હાજરીઃ હજારો લોકો પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે ઉમટી પડશેઃ ભવ્ય રામસવારી નીકળશેઃ ૧૦ ટ્રેકટર, ૬ ઘોડા, ૩ બગી ગાડી, એક ડીજે, એક જીપ સહિતનો કાફલો જોડાશે

# ખંભાળિયામાં સગીરાના અપહરણ તથા દુષ્કર્મ કેસના આરોપીને વીસ વર્ષની જેલ

## રૂ. ૧૭,૦૦૦ નો દંડ ફટકારતી ખંભાળિયાની સ્પેશિયલ પોક્સો કોર્ટ

ખંભાળિયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા એક પરિવારની સગીરાનું અપહરણ કરી, તેની પર દુષ્કર્મ આચરવાના પ્રકરણમાં ખંભાળિયાની સ્પેશિયલ પોક્સો અદાલતે આરોપીને વીસ વર્ષની સખત તથા ૧૭,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

આ સમગ્ર પ્રકરણની વિગત મુજબ ખંભાળિયા તાલુકામાં રહેતા એક પરિવારની સગીર વયની પુત્રીને તાલુકાના શેઢા ભાડથર ગામે રહેતો હરદાસ કારાભાઈ ચાવડા નામનો શખ્સ લલચાવી, ફોસલાવીને લગ્ન કરવાની લાલચ આપીને તેણીના માતા-પિતાના વાલીપણામાંથી અપહરણ કરીને લઈ ગયો હોવાની ધોરણસર ફરિયાદ સગીરાના પિતા દ્વારા અહીંના પોલીસ મથકમાં નોંધાવવામાં આવી હતી.

આ પછી પોલીસે ભોગ બનનારનો પતો મેળવી અને તેની પાસેથી જાણી વિગત મુજબ આ પ્રકરણમાં હરદાસ કારાભાઈ ચાવડા નામના શખ્સએ હિતેશ ઉર્ફે નીતિન પબાભાઈ ચાવડા અને દિપક કરસનભાઈ કારેથાની મદદ મેળવી અને તેણીનું બોલેરો વાહનમાં અપહરણ કરીને લઈ ગયા બાદ આરોપી હરદાસે અવારનવાર સગીરા સાથે શારીરિક સંભોગ કરવા સબબ ખંભાળિયા પોલીસે સગીરાના પિતાની ફરિયાદ પરથી ગત તારીખ ૫-૧૨-૨૦૧૯ ના રોજ આઈપીસી કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૧૧૪ તથા પોક્સો એક્ટ સહિતની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આ પ્રકરણમાં તપાસનીસ અધિકારી પી.આઈ. પી.એ. દેકાવાડીયાએ જરૂરી કાર્યવાહી કરી હતી.

આ પ્રકરણમાં મેડિકલ તપાસણી તેમજ લગત પુરાવાઓ અહીંની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં રજૂ કરી, ચાર્જશીટ કરાયા બાદ આ

અનુ પાના નં.૨ પર

# જામનગરના વેપારીએ ૮ લાખના ૫૮ લાખ ચૂકવી દીધા છતાં વ્યાજખોરોએ બે મકાન પડાવી લીધાની ફરિયાદ

## એક વ્યાજખોરે ચાર લાખ રૂપિયા ના ૪૬ લાખ વસૂલી લીધા પછી મકાનનો દસ્તાવજ કરાવી લીધો જયારેઃ બીજા વ્યાજખોરે પણ ચાર લાખના ૧૦ ટકા લેખે ૧૨ લાખ પડાવી લીધા પછી મકાનનો કબજો કરી લીધો

જામનગર ના બેડી વિસ્તારમાં દૂધની ડેરી અને પાન ની દુકાન ચલાવતા એક વેપારી લોકડાઉન સમયે બે વ્યાજખોરોની ચુંગાલમાં ફસાયા હતા, અને એક વ્યાજખોરને ચાર લાખનું ૧૦ ટકા લેખે ૪૬ લાખ ચૂકવી દીધા પછી પણ મુદ્દલ બાકી રહેતી હોવાથી ૧૫ લાખ ની કિંમતના મકાનના કાગળો લખાવી લીધાની ફરિયાદ પોલીસમાં નોંધાવી છે, જયારે બીજા વ્યાજખોરે ૪ લાખ ના બાર લાખ પડાવી લીધા પછી આશરે ૭ લાખની કિંમતના મકાનનો કબજો કરી લીધો હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાવાતાં ભારેચાર જાગી છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરમાં બેડી- ધરારનગર -૧ માં રહેતા અને એ જ વિસ્તારમાં આરજુ પાન એન્ડ ડેરી નામથી દૂધની ડેરી તથા પાનની દુકાન ચલાવતા આરીફભાઈ કાદરભાઈ સંધી (ઉ.વ.૩૯) કે જેઓ જામનગરના બે વ્યાજખોરો ની ચુંગાલમાં ફસાયા છે, અને તેઓએ બેડેશ્વર વિસ્તારમાં રહેતા એજાજ ઉંમર ભાઈ સાયચા અને ઈકબાલ ઈબ્રાહીમભાઈ ધૂધા સામે પોતાની પાસેથી રાક્ષસી વ્યાજ વસૂલવા અંગેની ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર સને ૨૦૧૮ ની સાલમાં પોતાના ધંધા માટે બેડીમાંજ રહેતા એઝાઝ સાઈચાઈએ ફરીયાદી આરીફભાઈ પાસેથી ચાર લાખ રૂપિયા ૧૦ ટકા ના વ્યાજ ના દરે લીધા હતા.

લોકડાઉનના સમયગાળા દરમિયાન નુકશાની થઈ હોવાથી દુકાન બંધ કરવાનો વારો આવ્યો હતો, જેનું ૧૦- ટકા લેખે વ્યાજની રકમ ચડતી જતી હતી. અત્યાર સુધીમાં કુલ ૪૬ લાખનું વ્યાજ ચૂકવી દીધું હોવા છતાં હજુ મુદ્દલ બાકી રહી છે, તેમ કહી એજાજે ફરિયાદી આરીફભાઈ જે મકાનમાં રહે છે, તે આશરે ૧૫ લાખની કિંમતના મકાનના દસ્તાવેજો પોતાની નામે કરાવી લીધા હતા.

આઉપરાંત ફરિયાદી ને વ્યાજ ની વધુ રકમ ચૂકવવા માટે ની જરૂરિયાત ઊભી થઈ હોવાથી વધુ રકમ વ્યાજે લેવાનો વારો આવ્યો હતો, અને જામનગરના ધરાર નગર વિસ્તારમાં રહેતા ઈબ્રાહીમ ધુધા પાસેથી બે કટકે ૪ લાખ લીધા હોવાનું જણાવ્યું હતું, જે ચાર લાખની સામે અત્યાર સુધીમાં ૧૨ લાખ રૂપિયા વ્યાજ પેટે વસુલી લીધા હતા. તેમ છતાં પણ મુદ્દલ રકમ બાકી

અનુ પાના નં.૨ પર

# જામનગરની સગીરાનું ઈન્સ્ટાગ્રામના મિત્ર દ્વારા અપહરણ

## ઈન્સ્ટાગ્રામમાં મિત્રતા કેળવી લગ્નની લાલચ આપી લાલપુરનો શખ્સ ઉઠાવી ગયોઃ પોલીસે આરોપીને ઝડપી લઈ સગીરાને મુક્ત કરાવીઃ આરોપી સામે પોકસો એક્ટ મુજબ ગુનો નોંધ્યો

જામનગર નજીક લાલપુર બાયપાસ ચોકડી પાસે આવેલી એક સોસાયટીમાં રહેતી ૧૩ વર્ષની દલિત જ્ઞાતિની સગીરાનું અપહરણ થઈ ગયું હતું. ઈન્સ્ટાગ્રામ માં ફ્રેંડ બનાવી લાલપુર નો એક શખ્સ સગીરાને ઉઠાવી ગયો હતો. જેને પોલીસે ઝડપી લીધો છે, અને સગીરાને મુક્ત કરાવી છે. આરોપી સામે પોકસો એકટ અને એસ્ટ્રોસીટીની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે.

જામનગર નજીક લાલપુર બાયપાસ ચોકડી પાસેની એક સોસાયટીમાંથી ગત ૧૮મી તારીખે સગીરાનું અપહરણ થઈ ગયું હતું. ૧૩ વર્ષ ની સગીરાના પરિવારજનો શોધખોળ ચલાવતા હતા, દરમિયાન લાલપુરનો એક શખ્સ સગીરાને ઉઠાવી ગયો હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.

ઈન્સ્ટાગ્રામ માં ફ્રેન્ડ બન્યા પછી લગ્નની લાલચ આપી ૨૩ વર્ષીય શખ્સ સગીરાને ઉઠાવી ગયો હતો. જેને પોલીસે શોધી કાઢ્યો છે, અને સગીરાને મુક્ત કરાવી છે.

સગીરા દલિત જ્ઞાતિની હોવાનું જાણવા છતાં આરોપી તેને ઉઠાવી ગયો હોવાથી તેની

અનુ પાના નં.૨ પર

### ખંભાળિયામાં દારૂ સાથે એક શખ્સ ઝડપાયો

ખંભાળિયા તાલુકાના ઠાકર શેરડી ગામે રહેતા મુમા ઉર્ફે મોમા જાદા મુંધવા નામના ૨૯ વર્ષના શખ્સને તેના રહેણાંક મકાનમાંથી રૂપિયા ૧૧,૬૦૦ ની કિંમતની ૨૯ બોટલ વિદેશી દારૂ તથા રૂપિયા ૫,૦૦૦ ની કિંમતના એક મોબાઈલ ફોન સાથે ઝડપી લીધો હતો. આ પ્રકરણમાં માંઝા ગામનો દેવશી ખોડાભાઈ ભરવાડ

અનુ પાના નં.૨ પર

### આજથી એસટીકર્મીઓનું આંદોલન

રાજયના એસ.ટી. વિભાગના કર્મચારી ઓ પોતાની વિવિધ માંગણીઓને વાચા આપવા આગામી સોમવાર થી તબક્કાવાર આંદોલન નો પ્રારંભ કરશે અને આગામી તા. બીજી નવેમ્બર થી બેમુદ્તી હડતાલનો પ્રારંભ કરશે, જો કે આ મુદ્દે સરકાર સાથે વાટાઘાટો ચાલી રહી છે. જેમાં તા. ૨૩ ના કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવશે અને તયાર પછી સૂત્રોચ્ચાર, ધરણાં, આવેદનપત્ર, રજૂઆત વગેરે કરવામાં આવશે અને જો પ્રશ્નનો ઉકેલ નહીં આવે તો તા. બીજી નવેમ્બર રાત્રે ૧૨ વાગ્યાથી બેમુદ્તી હડતાલ શરૂ કરવામાં આવશે. આંદોલનના કાર્યક્રમમાં તા. ૨૪ ના મુખ્યમંત્રી અને વાહન વ્યવહાર મંત્રી ને એસ.એમ.સી.થી રજૂઆત, તા. ૨૫, ૨૬ અને ૨૭ ના કચેરી પાસે સૂત્રોચ્ચાર, તા. ૨૮ થી ચાર દિવસ કાળા

અનુ પાના નં.૨ પર

# કાલાવડના બામણગામમાં શ્રમિક વૃધ્ધાએ અગમ્ય કારણે કુવો પૂર્યો

બામણગામ ના હિતેશભાઈની વાડીમાં કામ કરતા કંકુચનબેન ગિનોયા નામના ૫૫ વર્ષના મહિલા આજે સવારના અગમ્ય કારણોસર કૂવામાં ઝંપલાવી તેમના પરિવારજાહનેએ બૂમાબુમ કરી મુકી હતી. આ અંગે કાલાવડ ફાયર બ્રિગેડની ટીમને જાણ કરતાં ફાયરની ટીમે કૂવામાંથી વૃધ્ધાની લાશને બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી પોલીસે અગમ્ય કારણોસર કૂવામાં પડી કચંનબેને જીવન ટુંકાવ્યું હોવાની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


તસવીરઃ જીતુ સોલંકી

## ફાયર બ્રિગેડની ટીમે કૂવામાં ઉતરી મૃતદેહ બહાર કાઢી પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપ્યા

# ખંભાળિયાના વડત્રા ગામે મધરાત્રે જુગારની મહેફિલ પર પોલીસ ત્રાટકીઃ આઠ પકડાયા

ખંભાળિયા તાલુકાના વડત્રા ગામે મોડી રાત્રિના સમયે એલસીબી પોલીસે જુગાર દરોડો પાડી, જાહેરમાં ગંજીપત્તા વડે જુગાર રમી રહેલા આઠ શખ્સોને મુદ્દામાલ સાથે દબોચી લીધા હતા.

ખંભાળિયાથી આશરે ૧૫ કિલોમીટર દૂર વડત્રા ગામે આવેલા એક મંદિર પાસેના ચોરામાં જુગાર રમાતો હોવાથી જિલ્લા એલસીબી પોલીસ સ્ટાફે રાત્રિના અઢી વાગ્યાના સમયે જુગાર દરોડો પાડ્યો હતો.

આ સ્થળેથી મેહુલ દેવાણંદભાઈ ચાવડા, અશ્વિન ભીમજીભાઈ જગતિયા, વિપુલ દામજીભાઈ જગતિયા, ભરત ગોવિંદભાઈ જગતિયા, રાજુ નથુભાઈ રાઠોડ, પરબત લખમણભાઈ ચાવડા, લખમણ સોમાભાઈ રાઠોડ અને રામા વરવાભાઈ ચાવડા નામના આઠ શખ્સોને ગંજીપતા વડે રોન પોલીસ નામનો જુગાર રમતા પોલીસે ઝડપી લીધા હતા.

પકડાયેલા આ શખ્સો પાસેથી પોલીસે રૂપિયા ૩૭,૦૧૦ રોકડા તથા રૂપિયા ૨૯,૦૦૦ ની કિંમતના સાત નંગ મોબાઈલ ફોન મળી, કુલ રૂપિયા ૬૬,૦૧૦ નો મુદ્દામાલ કરજે કરી, જુગારધારાની કલમ હેઠળ ધોરણસર કાર્યવાહી કરી હતી.

# સસ્તા ભાવે કોલસા આપવાની લાલચ આપી વેપારી સાથે રૂપિયા ૨૩.૪૫ લાખની ઠગી કરનાર ઝડપાયો

## પોલીસે મહાઠગને અમદાવાદમાંથી દબોચી લીધોઃ ૨૫ ઓકટો સુધી પોલીસ રિમાન્ડ પર

જામનગરના વેપારીને સસ્તા ભાવમાં કોલસો આપવાની લાલચ આપીને લાખોની છેતરપીંડી આચરનાર અમદાવાદના બે અને કચ્છના એક શખ્સસામે સીટી બી ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. જે અનુસંધાને સિટી બી ડીવીઝન પોલીસ મથકના હનુમાન ગેઈટ પોલીસ ચોકીના પીએસઆઈ એચ.બી. વડાવિયા, પોલીસ કોન્સ. દશરથસિંહ અને દિલીપસિંહે ગઈકાલે અમદાવાદ પહોંચી મુખ્ય સૂત્રધાર સંદીપ હરેન્દ્રકુમાર શર્માની અટકાયત કરી જામનગરની અદાલતમાં રજુ કરતાં કોર્ટે તા. ૨૫.૧૦ સુધીના પોલીસ રીમાન્ડ મંજુર કર્યા છે.

# પ્રાંતનો આદેશઃ જામનગરના ૧૨ ગામમાં પવનચક્કીના ૨૧ પ્રોજેક્ટ થંભાવ્યા

## સુઝલોન કંપની દ્વારા વિન્ડફાર્મ પાવર પ્રોજેકટ માટે ફાળવેલ જમીનમાં શરતભંગ

જામનગર તાલુકાના ૧૨ ગામમાં સુઝલોન કંપની દ્વારા ઉભા કરવામાં આવી રહેલા વિન્ડફાર્મ એટલે કે પવનચકીના ૨૧ પ્રોજેકટને શરતભંગની ફરિયાદ બાદ પ્રાંત અધિકારી દ્વારા રૂકજાવનો આદેશ અપાયો છે, મનાઈ હુકમ કરવામાં આવેલ છે, હવે જોવાનું એ રહે છે કે, કંપની દ્વારા લગત ૨૧ સ્થળોએ કામગીરી બંધ કરવામાં આવે છે કે પછી આદેશને ઘોળીને પી જવામાં આવે છે ?, તા.૨૧-૧૦ના રોજ જામનગર ગ્રામ્ય પ્રાંત અધિકારી દ્વારા આ આદેશ કરવામાં આવ્યો છે.

સરકાર તરફે ગ્રામ્ય મામલતદાર ફરિયાદી બન્યા છે અને પક્ષકાર તથા સુઝલોન ગુજરાત વિન્ડ ફાર્મ પાર્ક લીમીટિડને સામાવાળા તરીકે દર્શાવવામાં આવ્યા છે. આ કેસમાં પ્રાંત અધિકારી સમક્ષ એવી દાદ માંગવામાં આવી છે કે, પાવર પ્રોજેક્ટ નિયત સમય મર્યાદામાં ચાલું કરાયેલ નથી, શરતોનો ભંગ થયો છે, શરતભંગના ચાલતા કેસ દરમ્યાન જમીનમાં કોઈ ફેરફાર તથા જમીન દફતરના રેકર્ડમાં કોઈ સુધારા-વધારા કરવામાં ન આવે અને યથાવત સ્થિતિ જાળવી રાખવામાં આવે. વચગાળાની મનાઈ હુકમની અરજીની સુનાવણી તા.૧૭-૧૦ તથા ૧૯-૧૦ના રોજ બંને પક્ષના વકીલોની હાજરીમાં શરૂ થઈ હતી.

આ કેસમાં એવી

અનુ પાના નં.૨ પર

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com